# મોડાસા જાયન્ટસ ગ્રુપ દ્વારા મીનરલ ઠંડા પાણીની પરબનો પ્રારંભ

મોડાસા, તા. ૩૦

ઉનાળાની શરૂઆત થતાની સાથે જ છેલ્લા એક સપ્તાહથી સૂર્યદેવતાએ આકરો મીજાજ દેખાડ્યો છે. ત્યારે લોકો ગરમીમાં અકળાઈ ઉઠે છે. મોડાસા જાયન્ટસ ગ્રુપની ટીમે અરવલ્લી જિલ્લા પંચાયત કચેરી કાવઠીયા, અરવલ્લી જિલ્લા ભાજપા પ્રમુખ રણવીરસીંહ ડાભી, મોડાસા નગરપાલિકા પ્રમુખ વનિતાબેન પટેલ, કોર્પોરેટર નિકેષ પરમાર, મેહુલ જોષી, ધર્મેન્દ્ર ત્રીવેદી, ઉસ્માનગની બાયડીયા, મુકુંદભાઈ શાહ, જીગ્નેશ સુથાર, નવનીત પરીખ,




નજીક યમુના જલના સહયોગથી મીનરલ ઠંડા પાણીની પરબનો બુધવારે પ્રારંભ કરતા જિલ્લા પંચાયતના મુલાકાતીઓ અને રાહદારીઓએ આનંદ વ્યક્ત કર્યો હતો.

અરવલ્લી જિલ્લા અને મોડાસા શહેરમાં સતત સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર અને જરૂરીયાતમંદ લોકોને મદદરૂપ બનતી જાયન્ટસ ગ્રુપ ઓફ મોડાસાની ટીમ દ્વારા મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી જિલ્લા પંચાયત કચેરી અને મોડાસા નગરપાલિકા બગીચા અને સાંઈ મંદિર નજીક યમુના જલના સહયોગથી ઠંડા મીનરલ પાણીની પરબનો પ્રારંભ મંગળવારે ઉત્તર ગુજરાત જાયન્ટસ ગ્રુપે ફેડરેશન થ્રીસીના ઉપપ્રમુખ અને જીવદયાપ્રેમી નિલેષભાઈ જોષી, મોડાસા જાયન્ટસ ગ્રુપના પ્રમુખ અનીશ ધર્મેન્દ્ર ત્રીવેદીની ઉપસ્થિતિમાં પાણીની પરબ ખુલ્લુ મુકાઈ હતી. મોડાસા શહેરમાં ઠંડા પાણીની મીનરલ વોટરની પરબ શહેરના હજીરા વિસ્તાર અને મેઘરજ રોડ પર પણ જાયન્ટસ ગ્રુપની ટીમ દ્વારા ખોલવામાં આવશે તેમ જણાવ્યું હતું.

જાયન્ટસ ગ્રુપના નિલેષભાઈ જોષીના જણાવ્યા મુજબ ઠંડા મીનરલ પાણીની પરબથી જિલ્લા પંચાયતના કામકાજ અર્થે આવનાર જિલ્લાવાસીઓ, સાંઈ મંદિરે દર્શનાર્થે આવતા ભક્તો અને મોડાસા નગરપાલિકાના બગીચામાં ફરવા આવતા સહેલાણીઓ અને રાહદારીઓને મદદરૂપ બનશે. તદ્ઉપરાંત પ્લાસ્ટીકના પાઉચથી ફેલાતો કચરો પણ પરબથી ફેલાતો અટકશે તેમ ભારપૂર્વક જણાવ્યુ હતું.

# અરવલ્લી જિલ્લામાં ત્રણ વિધાનસભા બેઠક માટે કોંગ્રેસની પસંદગી પ્રક્રિયા હાથ ધરાઈ

## મોડાસા ખાતે ભિલોડા, મોડાસા અને બાયડ વિધાનસભા માટે મળી કુલ ૧૪ દાવેદારોની રજુઆત

મોડાસા, તા.૩૦

અરવલ્લી જિલ્લામાં ત્રણ વિધાનસભા બેઠકો આજે મોડાસામાં કોંગી નિરીક્ષકો સમક્ષ ૧૪ કોંગી ઉમેદવારોએ પોતાની દાવેદારી નોંધાવી હતી. જેમાં મોડાસા વિધાનસભા માટે ચાલુ ધારાસભ્ય સહીત ૮ ઉમેદવારોએ દાવેદારી નોંધાવી હતી.

પ્રદેશ કોંગ્રેસના નિરીક્ષકો કિરીટ પટેલ, જસવંત યોગી અને રાજેન્દ્રસિંહ કુંપાવત દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરાઈ હતી જેમાં આજે મોડાસામાં જિલ્લાની ત્રણ વિધાનસભા બેઠકો માટે કુલ ૧૪ કાર્યકારોએ પોતાની દાવેદારી નોંધાવી હતી.

જેમાં મોડાસામાં વર્તમાન ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર ઉપરાંત જયદત્તસિંહ પુવાર, નારણભાઈ પટેલ, પંકજભાઈ પટેલ, અરૂણ પટેલ, મનહરસિંહ પરમાર, કાંતિભાઈ ખાંટ અને હિમતસિંહ પરમારે પોતાની દાવેદારી નોંધાવી હતી.

જ્યારે ભિલોડા વિધાનસભા માટે સીટીંગ ધારાસભ્ય ડૉ. અનિલ જોશીયારા, જિ.પં. પ્રમુખ રાજેન્દ્ર પારધી, કાંતિભાઈ ખરાડી, સુમિત્રા ડામોર અને દિનેશભાઈ વિસાત સહિત ૫ કાર્યકરોએ દાવેદારી નોંધાવી હતી.

જ્યારે બાયડ વિધાનસભા બેઠક માટે એક માત્ર વર્તમાન ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલાએ દાવેદારી નોંધાવી હતી જેથી આ બેઠક ઉપર કોંગ્રેસના વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા પુત્રની એકમાત્ર દાવેદારીથી તેમની ટિકિટ નિશ્ચિત બની ગઈ છે.



સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા સહિત ભિલોડા તાલુકામાં અને ગામડાઓમાં અસહ્ય કાળઝાળ ગરમીના કારણે માર્ગો સુમસામ ભાસી રહ્યા છે. માર્ચ મહિનાના અંતિમ દિવસોમાં ગરમીનો પ્રકોપ વધતા જનજીવન પ્રભાવિત થઈ ગયું છે. જિલ્લાભરમાં આગામી સમયમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાય તેવા એંધાણ વર્તાય છે.

# મહેસાણા જિલ્લાના યુવાનોને સ્વામી વિવેકાનંદ પરીક્ષાલક્ષી નિવાસી તાલીમ વિનામૂલ્યે અપાશે

મહેસાણા, તા. ૩૦

મહેસાણા જિલ્લા રોજગાર કચેરી દ્વારા જિલ્લાના યુવાનો આર્મી, એરફોર્સ, નેવી, અર્ધલશ્કરી દળો, પેરામીલટરી ફોર્સમાં જોડાય તે માટે ઉમેદાવોરને શારિરીક તેમજ માનસિક ક્ષમતાની ધનિષ્ટ તાલીમ વિનામુલ્યે આપવાનું આયોજન કરાયું છે. આ તાલીમ માટે ઉમેદવાર એસ.એસ.સી પાસ સાથે ૧૭.૫ થી ૨૧ વર્ષની વચ્ચે ઉંમર હોવી જરૂરી છે. ત્રીસ દિવસના તાલીમના સમયગાળા દરમિયાન તાલીમના સ્થળે રોકાવવાનુ રહેશે. તાલીમના સ્થળે રહેવા તથા જમવાની સગવડ વિનામુલ્યે આપવામાં આવશે. નિવાસી તાલીમ લેનાર ઉમેદવારને નિયમાનુસાર સ્ટાઈપેન્ડ ચુકવાશે.

આ ઉપરાંત નિવાસી તાલીમ વર્ગની યોજના માટે ગ્રાઉન્ડ, રહેવા તથા જમવાની વ્યવસ્થા અને તાલીમ આપવા માટેના વર્ગની સગવડ ધરાવતી સંસ્થાઓએ આ અંગેની દરખાસ્ત જિલ્લા રોજગાર કચેરી, મહેસાણાને મોકલી આપવાની રહેશે.

સ્વામી વિવેકાનંદ પરીક્ષાલક્ષી તાલીમ માટે જિલ્લા રોજગાર અધિકારી, જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જિલ્લા સેવા સદન, બ્લોક નં ૧ ભોંયતળીયે મહેસાણાનો સંપર્ક સાધવાનો રહેશે તેમ રોજગાર અધિકારી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.



## પાલનપુરમાં મહેશ્વરી સમાજની મહિલા દ્વારા ઘનઘોરના તહેવારની ઉજવણી

રાજસ્થાનમાં ઘનઘોરના તહેવારની ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે. એ જ રીતે ચૈત્રી સુદ ત્રીજમાં નવરાત્રીમાં મહેશ્વરી સમાજ દ્વારા પણ ઘનઘોરના તહેવારને શાનદાર અને ઉલ્લાસ સાથે ઉજવામાં આવે છે પાલનપુરમાં મહેશ્વરી સમાજની મહિલા દ્વારા ૧૫ દિવસ સુધી ઘનઘોરના તહેવાર ઉજવણીમાં સમાજની મહિલાઓ નવા વસ્ત્રોમાં સજ્જ થઈ ઈશ્વર અને ગવર એટલે કે ભગાવન શિવ અને પાર્વતીના લગ્ન પ્રસંગોને ઉત્સવ જેમ ઉજવામાં આવે છે. મહિલાઓ માટે મનોકામના સિદ્ધ કરવાનું આ તહેવારમાં મહેશ્વરી સમાજ ની મહિલાઓ ઉપવાસ કરી રોજ ભગવાન શિવ અને પાર્વતીની પૂજા અર્ચના કરવામાં આવે છે. આજે મોટી સંખ્યામાં મહિલા હાજર રહી પાલનપુર શહેરમાં ભગવાન શોભાયાત્રા નીકાળી પાતળેશ્વર મહાદેવ મંદિર ખાતે રાસ ગરબાની રમઝટ માણી હતી અને સાંજે શિવજીનું વાજતે ગાજતે વરઘોડો નીકળી પાર્વતી સાથેની લગ્નવિધિ પૂર્ણ કરી હતી. આ પ્રંસગે મહેશ્વરી મહિલા સમાજના પ્રમુખ મીનુ મહેશ્વરી સહીત સમાજની મહિલા મોટી સંખ્યા માં હાજર રહી હતી.

# પી.સી.એસ.એસ. કેરિયર ડેવલપમેન્ટ એકેડેમીમાં સેમિનાર યોજાયો

મોડાસા, તા. ૩૦


ધી. મ.લા. ગાંધી ઉ.કે. મંડળ સંચાલિત પી.સી.એસ.એસ. કેરિયર ડેવલપમેન્ટ એકેડેમી દ્વારા કારકિર્દી અંતર્ગત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતુ. કેરિયર ડેવલપમેન્ટના કો ઓર્ડિનેટર ડૉ. સંતોષ દેવકરના માર્ગદર્શન હેઠળ જીપીએસસી-૧ અને ૨ તેમજ ટેટ-૧ અને ૨ તથા એચ. ટાટના વિદ્યાર્થીઓ માટે ફ્રી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગઢવી કેરિયર એકેડેમી અમદાવાદના પ્રફુલ ગઢવીએ માર્ગદર્શન આપ્યુ હતુ. ટૂંકા ગાળામાં કેવી રીતે વાંચવુ તેની શોર્ટસ કી બતાવવામાં આવી હતી. નોકરી ઈચ્છુક વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. હાજર રહેલા તમામ વિદ્યાર્થીઓને ફ્રી મટેરિયલ આપવામાં આવ્યું હતું. આખા વિક માટે ચાલનારા આ વર્ગોમાં નફાનું ધોરણ નહિ સ્વીકારીને કેમ્પસના અને આ પ્રદેશના વિદ્યાર્થીઓ નોકરી મેળવે તેવો હેતુ મંડળના પ્રમુખ નવીનભાઈ મોદીએ જણાવ્યો હતો. વિદ્વાન તજજ્ઞોની ટીમ દ્વારા અપાતા કારકિર્દીના આ વર્ગોમાં સુભાષભાઈ શાહે શુભેચ્છાઓ પાઠવી હતી. આ સમગ્ર કાર્યક્રમ માટે પી.સી.એસ.એસ.ની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

# અંબિકા મંદિરમાં પગલા પડ્યાના સમાચારને પગલે ભીડ જામી

ખેડબ્રહ્મા, તા. ૩૦

પ્રસિદ્ધ યાત્રાધામ ખેડબ્રહ્મા ખાતે અંબિકા માતાજી મંદિરમાં કોમ્પ્યુટર સ્કીન પર નાના બાળકના પગલા પડ્યા હતા જેને જોવા લોકો ઉમટી પડ્યા હતા.



ખેડબ્રહ્માના અંબિકા માતાજી મંદિરમાં ભક્તોને પ્રસાદ માટે કોમ્પ્યુટરાઈઝ વ્યવસ્થા છે જેમાં બે કોમ્પ્યુટર લગાડવામાં આવ્યા છે. બુધવાર રાત્રીના ૧૦ વાગે આસી. મેનેજર નટવરભાઈ પટેલ ઓફીસ બંધ કરીને ગયા હતા અને સવારે ૬.૧૫ વાગે મેનેજર ઘનશ્યામ ઓફીસ ખોલી હતી અને કોમ્પ્યુટર તરફ જોતા તેમને બાળકના પગલા દેખાતા તેમણે અન્ય સ્ટાફને જોવા બોલાવતા તેમણે પણ પગલા હોવાનુ જણાયુ હતુ. જેથી તેમણે પ્રમુખ અને ટ્રસ્ટીઓને જાણ કરી હતી. કોમ્પ્યુટર સ્કીન પર જોતા બાળકના ત્રણ ઈંચના પગલા હોવાનુ જણાઈ આવતુ હતુ. પગલામાં એકમાં એક અંગુઠો અને ત્રણ આંગળી અને બીજા પગલામાં એક અંગુઠો અને ચાર આંગળી હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે. આ વાત શહેરમાં ફેલાતા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ દર્શનાર્થે ઉમટી પડ્યા હતા.

## મહેસાણા-કડીના ૩૩ તળાવોમાં પાણી નંખાયું

નર્મદા મુખ્ય નહેર આધારિત કરણનગર ધાંધુસણ પાઈપલાઈનથી ઉત્તર ગુજરાતના મહેસાણા અને કડીના કુલ ૧૯ ગામોમા ૩૩ તળાવોમાં પાણી નાખવામાં આવ્યું છે. જળસંપત્તિ રાજયમંત્રી નાનુ વાનાણીએ વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું કે, કડી અને મહેસાણામાં વરસાદી પાણી સિવાય કોઈ વિકલ્પ ન હતો.

# મેઘરજ તાલુકાના કુંભેરા ગામના યુવાનનુ ચાર ઈસમો દ્વારા અપહરણ

મેઘરજ, તા. ૩૦

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના કુંભેરા ગામના યુવાનનું બુધવારના રોજ અજાણ્યા ચાર ઈસમો દ્વારા અપહરણ કરાતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

મેઘરજ તાલુકાના કુંભેરા ગામના ભુપેન્દ્રસિંહ ચૌહાણ અને ધામણીયા ગામના અમરતભાઈ ઠાકોર બન્ને ટ્રાવેલ્સ ભાડે રાખી લોકોને પ્રવાસમાં લઈ જવાનું કમીશન એજન્ટથી કામ કરતા હતા. જેઓ બુધવારના રોજ સવારે આઠેક વાગે પોતાના માલીકીનું નંબર વગરનું નવું બાઈક લઈને ધામણીયા ગામે અમરતભાઈ ઠાકોર સાથે ગયા હતા તે દિવસે તેમને ભાડે રાખેલ લકઝરી બસના બે માણસો પ્રવાસમાંથી આવી લકઝરી બસ લઈ ભુપેન્દ્રસિંહ ચૌહાણના ઘરે રોકાયા હોવાથી ટ્રાવેલ્સના ડ્રાઈવર ઉપર ભુપેન્દ્રસિંહ ચૌહાણે ફોન કરી જણાવ્યું હતું કે ટ્રાવેલ્સના ભાડાના રૂપિયા તમારી ઓફિસે આપી દિધા છે. જેથી તે બે માણસો કુંભેરાથી નીકળી ગયા હતા અને ત્યારબાદ બોમ્બેથી તેમના મોટાભાઈનો ફોન ભુપેન્દ્રસિંહના ઘરે આવેલો અને તેમના પરિવારજનોને જણાવ્યુ હતુ કે આપણા ભાઈનો મારા પર ફોન આવ્યો હતો અને ભાઈએ જણાવ્યું હતું કે તેને ભિલોડામાં કોઈ અજાણ્યા ચાર ઈસમોએ ઘરમાં પુરી દિધો છે અને રૂપિયા પચાસ હજાર માગે છે અને મને કઈ જગ્યાએ પુરી દિધો છે તે મને ખબર નથી તેવુ તેણે જણાવ્યુ હતુ જેથી ભુપેન્દ્રસિંહ ચૌહાણની પત્નિએ પોતાના પતિના મોબાઈલ ઉપર ફોન કર્યો હતો પરંતુ ફોન બંધ આવતો હોવાથી ભુપેન્દ્રસિંહ ચૌહાણની પત્નિ કુંદનબેન ભુપેન્દ્રસિંહ ચૌહાણે બુધવારના રોજ મેઘરજ પોલીસ મથકે પોતાના પતિનું અપહરણ થયુ હોવાની ફરિયાદ નોંધાવાત મેઘરજ પોલીસે અજાણ્યા ચાર ઈસમો સામે અપહરણનો ગુન્હો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.





## ડીસામાં ઝુલેલાલ ભગવાનની ભવ્ય શોભાયાત્રા નીકળી

ડીસા શહેરમાં વસતા સીંન્ધી સમાજના લોકો દ્વારા દર વર્ષે ચેટીચાંદ પર્વ એટલે કે ભગવાન ઝુલેલાલાના જન્મ દિવસની હર્ષો - ઉલ્લાસ ભેર ઉજવણી કરવામાં આવે છે. ત્યારે આ વર્ષે પણ બુધવારે પૂજય સીંન્ધીં પંચાયત દ્વારા શહેરના લાલચાલી વિસ્તારમાં આવેલ ઝુલેલાલ ભગવાનના મંદિરે સવારથી જ મોટીસંખ્યામાં ભવિકો ઊમટી પડયા હતા. જેમાં મંદિરે આરતી, હવન, ભૈરાણા સાહેબ, ભોજન - પ્રસાદ બાદ બપોરે ઝુલેલાલ ભગવાનની ભવ્ય શોભાયાત્રા નીકાળવામાં આવી હતી. આ યાત્રા મંદિરથી નીકળી શહેરના મુખ્ય માર્ગો ઉપર ફરી હતી. ત્યારબાદ રાત્રે ભોજન પ્રસાદ કાર્યક્રમની પુર્ણાહુતિ કરવામાં આવી હતી. જેમાં ગવિંદભાઈ ભાગચંદાણી, વિજયભાઈ હેમનાણી, પરેશભાઈ કેવલાણી, ભરતભાઈ આસ્નાની સહિત મોટી સંખ્યામાં સમાજના ભાઈ - બહેનો જોડયા હતા.

# રોટરી ક્લબ દહેગામ દ્વારા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં દર્દીઓને દૂધ-નાસ્તો, ફળોનું વિતરણ



દહેગામ, તા. ૩૦

સેવાકિય પ્રવૃત્તિઓમાં હંમેશા અગ્રેસર એવી રોટરી ક્લબ દહેગામ દ્વારા આજરોજ દહેગામની સરકારી હોસ્પિટલમાં દર્દીઓ તથા તેમના સગાંઓને સવારમાં દૂધ, બિસ્કીટ તથા ફળોનું વિતરણ રોટરી ક્લબ ઓફ દહેગામ દ્વારા કરવામાં આવ્યું હતું. સવારના ૮ કલાકે રોટેરિયન મિત્રો સામુહિક આરોગ્ય કેન્દ્ર દહેગામ ખાતે પહોંચીને દાખલ દર્દીઓને વોર્ડમાં જઈને પોષ્ટિક નાસ્તો તથા ફળોનું વિતરણ જાતે કર્યું હતું. રોટરી ક્લબના મિત્રોની આ સરાહનીય પ્રવૃત્તિને દર્દીઓ તથા તેમના સગાઓએ બિરદાવી હતી અને આભાર વ્યક્ત કર્યો હતો. સીએચસીના સુપ્રિટેન્ડેન્ટ ડૉ. નયન સ્વામિનારાયણ તથા સ્ટાફના મિત્રોએ અભિનંદન આપ્યા હતા અને રોટરી દહેગામની પ્રવૃત્તિમાં જ્યારે પણ સીએચસી દહેગામ લાયક કોઈ કાર્ય હોય તેમાં સહકાર આપવાની ખાતરી આપી હતી. આ પ્રસંગે ક્લબના પ્રેસિડેન્ટ રોટે. જગદીશ પટેલ, પ્રોજેક્ટ ચેરમેન રોટે. યોગેન્દ્ર શર્મા, ટ્રેનર રોટે. મહેશ પટેલ, સેક્રેટરી રોટે. પલક શાહ, રોટે. રંગેશ શાહ, એજી. રોટે. તુલસી પટેલ સહિત મોટી સંખ્યામાં રોટેરિયન મિત્રો હાજર રહી આનંદ અનુભવ્યો હતો.



## સરડોઈ-પાદર નજીક આવેલા જંગલમાં આગ

મોડાસા તાલુકાના સરડોઈ નજીક પાદર ગામની અરવલ્લીની ગીરીમાળાઓના જંગલમાં એકાએક અગમ્ય કારણોસર આગ ભભુકી ઉઠતા ગામલોકોના જીવ પડીકે બંધાયા હતા. આ આગ સરડોઈ ગામના અગ્રણી વિનયસીંહ પુવારે ફોરેસ્ટ વિભાગમાં જાણ કરતા વન વિભાગના કર્મચારીઓ તાબડતોડ અગ્નીશામક દળો સાથે ધસી આવી ત્રણ કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવવામાં સફળતા મેળવી હતી. અરવલ્લી જંગલોમાં લાગેલી આગથી વનરાજી બળીને ખાખ થઈ ગઈ હતી અને વૃક્ષોને વ્યાપક નુકશાન થયુ હતુ.